**એઆઈસીઆરપી– વીડ મેનેજમેન્ટ, બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આ.કૃ.યુ., આણંદ દ્વારા "સંકલિત નીંદણ વ્યવસ્થાપન" વિષય પર ત્રણ દિવસીય તાલીમ કાર્યક્રમ યોજાયો**

**એ**આઈસીઆરપી- વીડ મેનેજમેન્ટ, બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આ.કૃ.યુ., આણંદ દ્વારા "સંકલિત નીંદણ વ્યવસ્થાપન" વિષય પર તા. ૧૪/૦૬/૨૦૨૨ થી ૧૬/૦૬/૨૦૨૨ દરમ્યાન માન. કુલપતિશ્રી, ડૉ. કે. બિ. કથીરીયાના માર્ગદર્શન હેઠળ ત્રણ દિવસીય તાલીમ કાર્યક્રમનું આયોજન અનિકેત ખેડૂત છાત્રાલય, આ.કૃ.યુ., આણંદ ખાતે કરવામાં આવેલ હતું. જેમાં તારાપુર, ખંભાત અને વિસનગર તાલુકાના ૨૭ ખેડૂત ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો. આ પ્રસંગે ડી. ડી. ચૌધરી, એગ્રોનોમીસ્ટ, એઆઈસીઆરપી- વીડ મેનેજમેન્ટ દ્વારા તાલીમના મુખ્ય હેતુઓ અને ઉપયોગીતા, એઆઈસીઆરપી- વીડ મેનેજમેન્ટ વિભાગની યોજનાકીય પ્રવૃત્તિઓ તેમજ નીંદણ નિયંત્રણ અંગેની ભલામણો વિશે તાંત્રિક તેમજ પ્રાયોગિક માહિતી આપવામાં આવેલ.

આ સમગ્ર તાલીમ કાર્યક્રમ દરમ્યાન આણંદ કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો દ્વારા નીંદણ નિયંત્રણની વિવિધ પદ્ધતિઓ તેમજ સંકલિત નીંદણ વ્યવસ્થાપન, નીંદણનાશકો અને તેના ઉપયોગમાં રાખવાની કાળજી, નીંદણનાશકોના અવશેષો અને તેનું નિવારણ, સજીવ અને પ્રાકૃતિક કૃષિમાં નીંદણ નિયંત્રણ, નીંદણની ઓળખ, નીંદણનાશકોના છંટકાવનું પ્રાયોગિક નિદર્શન વગેરે જેવા વિષયો પર વિસ્તૃત જાણકારી આપવામાં આવેલ.

કાર્યક્રમના અંતિમ દિવસે ખેડૂતોને આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતે એઆઈસીઆરપી- વીડ મેનેજમેન્ટનાં ફાર્મ તથા સરદાર પટેલ એગ્રીકલ્ચરલ એજ્યુકેશનલ મ્યુઝીયમની, મુલાકાત કરાવવામાં આવેલ હતી. તાલીમમાં ભાગ લીધેલ ખેડૂતોએ તેઓના પ્રતિભાવમાં જણાવેલ કે આ તાલીમ નીંદણ વ્યવસ્થાપનમાં તેમજ ખેતી ખર્ચ ઘટાડવામાં ખૂબ જ ઉપયોગી સાબિત થશે.

# તાલીમ કાર્યક્રમની ઝાંખીઓ










